ભાગ ૧ લો.

ટુચકા સંગ્રહ.

રમુજી ટુચકા, હાજર જવાબી, પેટ પકડી હસાવનાર
રમુજી ફકરાઓ, ડંકી પણ હસમુખી વારતાઓ
અને વાંચતાં વાંચતાં કલેજાં ઉથલાય
એવી રમુજોનો સંગ્રહ.

પ્રગટ કરનાર
એમ. જે. પોરટવાળા.
...વર—સુરત.

સુરત "ખોદાબક્ષ" પ્રેસમાં છાપી.

હુમારી તરફથી બ્હાર ૫૦ ચોપડીઓની કેટલીક તરફથી નકલો થવા લાગી છે, અ[illegible]ી [illegible] હરામ ધાન-ખોરો અને મવલાબક્ષોને આ તકે ખબર[illegible]ર હરામ-જરૂર જોઇએ છે કે રજીસ્ટર કે કોપીરાઈટ [illegible]ાની વાંચવા પેહેલાં તેપર સાતવાર વિચાર કીધાપછીજ પોતા[illegible] ધારણા અમલમાં લાવવી નહીંતો નફો કરી જવાનો આ-સામાં નુકસાન થવા સાથે પ્રજા પ્રત્યેનું માન ભંગ નહિં થાય.


એમ. જે. પોસ્ટવાલાની રબરસ્ટાંમ્પ કાં.

રબરષ્ટામ્પની સાહી—ધણીજ સરસ ને સસતી જોઈતી હોયતો તે અમારે ત્યાંથી મલશે. બજારૂ સાહી વાપડવાથી સ્ટેમ્પ ખવાઈ જાયછે તેવી ધાસ્તી આમાં રેહેતી નથી. શીશી એકના આના ૪

રબરસ્ટામ્પને લગતો સરવે સામાન, જેવાંકે હાથાઓ, પેટીઓ, ગાદીસાથની પેટીઓ, પેનસીલો, સાહીની દરેક રંગની સીસીઓ વીગેરે જેબી જોઈતું હશે તે કીફાયત ભાવે અમારે ત્યાંથી મલશે.

રબરના છુટા ટાઈપ અંગ્રેજી ગુજરાતી દર બે આના.

સસતાં સોભાયમાન તકાઉ અને તરેહવાર નકસીમાં દરેક જાતના રબરસ્ટામ્પ અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, તથા નવીજ બારડરોમાં બનાવવામા આવે છે.



એમ. જે. પોસ્ટવાલા નાણાવટ સુરત.

પ્રસ્તાવના.

શોખીન વાંચક વર્ગ સાથની દીનપરદીન અમારી પીછાન વધતી જાય છે, તેના પરીણામમાં અમારી તરફથી પ્રગટ થતી દરેક ચોપડીના તેમના એકે મતે અપાયલાં ઉત્તેજનનો એકત્ર આભાર માનતાં આજે અમને અત્યાનંદ થાય છે.

"ટુચકા સંગ્રહ"ને નામે નહિં, પણ એજ ફીસમનાં બીજા મથાલાં હેઠળ એવી બીજી ચોપડીઓ જોકે નીકળી છે, અને તે પ્રજાની એકે વગી પ્રસંસા પામી છે એટલે તેવી રીતના ટાહુકાઓ, હાજર જવાબો અને રમુજોથી ભરપુર આ એક નવી ચોપડી કાઢવાની અમને ઉત્કંઠા થઈ છે. વળી ઠઠ્ઠા મશ્કરી અને દમ બાંધીને હસાવવાનીજ એ ચોપડીમાં મુખ્ય નેમ રાખી છે એટલુંજ નહિં, પણ પેલી જાણીતી કેહવત "એક પંથ દો કાજ" મીસાલ બેવડી મતલબ સચવાય છે તેટલા માટે તેમાં જ્ઞાન-શાન મલે તેવું સમાવ્યું છે એટલે શોખીન વાંચકોને ગલે ઉતરશે ખરૂં.

ચાલુ વાતચીતમાં અથવા તો તેવીજ ઠરવા મશ્કરીમાં જે સાધારણ ભાષા વપરાય છે તેનો અગત કરી આ ચોપડીમાં ઉપયોગ કરવો પડયો છે એટલો ખુલાસો કીધા પછી—આમાં આવેલા ટુચકાઓ આગલ અમારાં "અજબ" ચોપાન્યામાં કટકે કટકે છાપવામાં આવ્યા હતા; જોકે કેટલાક માટે તો અમારા લખનારાઓને યશ ઘટે છે જયારે બાકીના જાણીતા ઇંગ્રેજી ચોપાન્યાઓમાંથી ઉપજાવી કાહડયા છે, અને તે સઘળાને એક જુદી

ચોપડીના આકારમાં રજુ થયલા જોવાની કેટલા અમારા ગ્રાહકોની સુચનાથીજ અમોએ આ ન્હાની પણ ગમતથી ભરપુર ચોપડીનો પ્રથમ ભાગ પ્રજા સનમુખ ધરવાની જરૂર જોઈ છે, એટલે–તેઓ તરફના પ્યારભર્યા ઉત્તેજન અને આવકારનીજ હવે જરૂર જોઇશું.

છેવટે મોટી મોટી જાહેરખબર કે ફફાંસ વગર જેજે સદગ્રહસ્થોએ અમોને આગમજથી આ ચોપડી ખરીદી જે ઉત્તેજન આપ્યું છે તેઓ સઘળાઓના અમે આભારી છીએ, અને તેઓના મુબારક નામોની ટીપ આ ચોપડી પાછલ કાંઈક સબબથી નહિં આપવા માટે અમો અતિ દીલગીર છીએ.

એમ. જે. પોસ્ટવાલા.

તા. ૧--આગસ્ટ ૧૮૯૨

५०१३

ટુચકા સંગ્રહ

યાને

રમુજી ટુચકા, હાજર જવાબી, પેટ પકડી હસાવ-
નાર રમુજી ફકરાઓ, ટુંકી પણ હસમુખી વા-
રતાઓ, અને વાંચતાં વાંચતાં કલેજાં
ઉથલાય એવી રમુજોનો સંગ્રહ.

ભાગ ૧ લો.

હોમજી હાઉ અને ગણપત ગરગર કારખાનામાથી નીકલી સાંજે જરા "થાક ઉતારવા" ગયા,

હોમજી હાઉ(દારૂનું ગલાસ હાથમાં પકડી ગણપતને) :-શું આએ બરાબર પાશેર છે? ગલાસ કેટલું અધુરૂં?

ગણપત ગરગર—"લાવ જોઉં" કરી હોઠે લગાવી ગટાવી જઈ, હા–આ–આ–કરી 'નહીં પાશેર બરાબર છે! મારા મોહ-માં પાસેર દારૂ બરાબર માએ છે.'

માણેકજી માજીસ્ટ્રેટની બુચી—બાવાજી, ગોકળ આઠમ નાં મેલામાંથી મને શું અપાવશો?

માણેકજી (એક કેસનો ચુકાદો કેવી રીતે આપવો તેનાં વીચારમાંજ હતા) હું તને છ મહીનાની સખત મજુરી સાથની સજા કરૂંચ!!

કાઉ ગરગરનું સઘળું શરીર કળતું હતું; તેથી ડાકટર તે ઉપર બ્રાંન્ડી ચોપડવાને ફરમાવી ચાલતા થયા. અને બીજે દીવસે નાડી તપાસતાં ગરગરદાસને પુછ્યું કે "કાલે કહ્યા મુજબ બ્રાંન્ડી સાંધે સાંધે ચોપડયો તોકે ?" કાઊ ગરગરે (નિચલો ચોખ્ખો ચાંદના જેવો જવાબ વાળ્યો કે, "જોવોની ડાકટર સાહેબ, એમ આખાં સરીરને દારૂ ભરતાં તો ઘણો ખપે માટે મેં એક યુકિત શોધી કા'ડી તે એકે આશરે છએક આંગલ બ્રાંન્ડી હતો તે આપડે છે તે કરીને કેની તે એએએ એકકો ટાંસે ઠાંસી ગયો એટલે હવે તે સાંધે સાંધે તો શું પણ બાલે બાલે પચી જશે" (ડાકટરથી આ નફટ જવાબ સાંભલીને હસ્યા વના રેહેવાયું નહિં.)

અબદુલ અપીણી રોજ સહવારમાં શાપુર શેરડીવાલાનાં ખેતરમાં ઝાડે ફરવા જતો હતો. અને રોજ ચાર પાંચ સારી સારી શેરડી "યેમઝા ! યે શીરી ! ! ! યે ગટાગટ" કરીને મઝા લઇ લઇને ખાતો હતો ત્યારે બચારો સાપુર, રોજ ચાર પાંચ નો ઘાણ નીકલેલો જોઈ દાંતીઆ પીસીને રહેતો હતો. પણ એક દીને અપીણી બાદની "યે મઝા !" ચાલતી હતી તેવામાં શાપુર આવી લાગ્યો. પણ અપીણીબાઇ ઝુમમાંજ "યે મઝા ! યે શીરી" કરી આંખ મીચી શેરડીનો રસ "ગટાગટ" કરી રહ્યા હતા. જેથી શાપુરનું તો "પાકી ગયું !" અને પગમાંથી (ઝુતી) કાહડી અબદુલાની પીઠપર મારી કહ્યું, "ઓરબી લે, તેરી યે મઝા ! યે શીરી ! ઓર યે ગટા ગટ ! !" કરી સારી પેઠે કેસરી જમાડી જેથી બચારો અબદુલા અપીણી "અરે અલાહ ! યે બલા ! યે ઝુતી ! ! યે ફટા ફટ ! ! !" કરી પીઠ પંપાળતો ઘેર ગયો !

આપણા મહારાણી વિકટોરીઆની 'જુબીલી'નો મુંબઈ મેળો જોવા માટે નવસારીના સ્ટેશનપર ભીડાભીડ પડતી હતી, અને ટ્રેન ખીચોખીચ ભરાઇ જતી, છતાં કેટલાકોને નીરાશ થઇ જગ્યા ન હોવાને લીધે પાછું જવું પડયું હતું! આ વેળા જુવાન પારસીઓથી ખીચોખીચ ભરાયલા બીજા વર્ગના એક કમ્પારટમેન્ટ આગળ એક અતિ રૂપાળી નવ જુવાન નાજનીન મીઠાસથી બોલી "ગ્રહસ્થો! તમારી સાથ મેહેરબાનીની રાહે એક માણસની જગા કરશો? ઉપકાર થાશે!" આ કોમલ માંગણી સાંભળતાંજ સઘળા જુવાન્યાઓ તુરતજ જેમ તેમ દબાઈ ચંપાઈને બેઠા, અને બે માણસ બેસે એટલી જગ્યા કાહાડી કહ્યું, 'ભલે પધારો બાનુ! ત્યાં તમારે માટે જોઈએ એટલી જગા છે" 'મેહેરબાની, પણ ગ્રહસ્થો! હું તમારી જોડે મુસાફરી કરનાર નથી. પણ મારી જઇફ 'પપા' (બાપ) મેળો જોવા સારૂ મુંબઇ સીધાવનાર છે તેમને સારૂ મને તમોને તસદી આપવી પડી છે માફ કરજો! પણ લો! તેવણજ આયા." તરતજ એક દબરદીંગ જેવા દોશાજી કુસર કુસર કરી દોલતા દોલતા આવી લાગા, અને ખાસ્સી તરેહથી સગવડે અંદર આવી ગોઠવાયા!! ગરીબ બીચારા જુવાન્યાઓ! પેલા ધાખરાને લીધે આખે રસ્તે દબાઇ ચંપાઇને બેસતાં તેઓને બહુ ખમવું પડયું!! "રાતના આર્યા ફોક તે એનું નામ."

કાચો ચોર—અલહાબાદમાં ઇ. આઇ. રેલવેનાં ગારડનાં ઘેરમાંથી એક ચોરને પકડયો.

"મેમસાબ"ના તકીયા નીચેથી ચાવી કાહાડી કબાટમાંથી રોકડ વગેરે અવેજ કાહાડી લઈને તકીયા નીચે ચાવી પાછી મુકવા જતાં (!) બચારો પકડાઇ ગયો!!

હાજર જવાબ—નફીસ મેહેલ્લાશા મોટા શેઠ—(કોબાદ કારભારીને) "કોબાદ, કાલે અમો લોક 'માથેરાન' જઈયે છીએ. મે મહીનાની ગરમીને લીધે હાઈકોરટ તો બંધ રહેશે, તેથી આખો મહીનો ત્યાંજ ગુજારીશું માટે મારી ગેર હાજરીમાં તમો સરવે નોકરો નવા બંગલાની તકેદારી કરજો, અને હંમેશ પ્રમાણે 'દીવો લોબાન' જારી રાખજો" એ પ્રમાણે હુકમ આપી શેઠ બીજે દીને માથેરાન પધારયા.

તા. ૨૪મી મે અને માહારાણીની સાલગીરીનો દીવસ હતો; સાંજે બંગલાને પુર રોશનીથી સણગારેલો છે. 'હૉલ'માં હાંડી ઝુમર વગેરે સલગાવી ખાણાની ટેબલપર માર તરાહ તરાહની વાણીઓની પલેટોની હાર મંડાયલી છે. અને ખાણાંપર કેટલાક શેઠીઆ(મેહેલ્લાશા શેઠના નોકર)લોક બીરાજેલા છે. અને સઘલા જણાઓએ પોતપોતાના દારૂથી ભરેલાં ગલાશો હાથમાં ઉઠાવ્યાછે. અને આપણા કોબાદજી કારભારી પોતાની ખુરશીપરથી ઉભા થઈ "લેઓ સાહેબ! આપણા બખ્તાવર મહારાણીજીની સાલગીરીની સલામતી!!" એ પ્રમાણે 'સલામતી' લેવડાવે છે તેવામાં મેહેલ્લાશા શેઠ તથા તેવણના ધણીઆણી એકાએક તેમની સાંમે આવી ઊભાં રહ્યાં. સરવે શેઠીઆ(નોકર) લોકનાં કોઠાં ભોપ!! પણ કોબાદે હંડે પેટે શેઠ શેઠાણીનાં દેખતાં બીજી સલામતી લેવાડી!! "લેઓ આપણા શેઠ શેઠાણી એવા ખુશ બખ્તી ભર્યાં વખતે એકાએક પણ સહી સલામત પાછા પધારયાં તેમની સલામતી"!!

બે મીઆંભાઈની બડાઇ–બે દિલીવાન મીઆ મારતેખાં અને જમાલખાં એક એકના જાની મિત્ર હતા. એક શીઆળાનાં શાંત સમગે તેઓ આપણા સ્નેહપુરની શીતળ તીરે બેસી હાસ્ય-વિનોદથી વાતો કરતા હતા. તેવામાં મીઆ મારતેખાંએ પોતાના દિલજાન દોસ્ત જમાલખાં આગલ એક ટોહ્લો ઘુમાવ્યો.

"યાર, અબ જમાના ફીર ગયા! કુચ કેહેનીકી બાત નહીં, હમેરા બાપુ આગુ બાદશાહકા બડા રીસાલાદાર થા, ઉસ્કે તાબેમે ઘોડે સ્વાર થે ઈસ્કી તો કુચ ગીનતિ બી નહી થી! ઘોડેકે વાસ્તે તબેલાબી કયા બડા!! ઉસ્કા એક છેડા ઉતર તો દુસરા દખન!!!

દાનાવ જમાલખાં, મીઆ મારતેખાંની બડાઈ સાંભળી ઘણોજ વીસ્મીત થયો પણ "જાળે મરે તેને વિખે મારવાનું" ઉત્તમ ધોરણ ધ્યાન ધરી વિચાર્યું કે એના જેવીજ આપણે પણ એક સંભળાવ્યે તો વધારે સારૂ!!

"અબે બાઈ એ બાદશાહકે, બખતકી બાત હે ઉસ્કી કુચ્છ નવાઈ નહી, મગર મેરા બાપ હથીયારકા બડા સોખીન થે, ઓર દેસી પરદેસી સબ જાતકે હથીઆર જમા કીયેથે, ઉસ્મે એક એસા બડા ભલા થા, કે ઊસકા એક છેડા જમીનપર તો દુસરા આસમાન પે!!!

મારતેખાં—એતો સચ બાત હયે, લેકીન ઓ ઇત્તા બડા ભાલા રખતે થે કીધર?! સારે દીન હાથમેતો નહી રખતે થે? રખનેકા ઠીકાણા બતાઓ તબ તુમેરી બાત સચ્ચી.

જમાલખાં—(હસીને)ઓ આપકુ ખબર નહી!!? ઓ ભાલા તો તુમારા બાપકા તબેલે મેંઈ રખતે થે!!!!

"વ્હાલા જયોર્જ" એક જુવાન છોડીએ કહ્યું "જો આપ ણો ફકત રોટલી અને પાણીપર નિભાવ ચાલતો હોય તો હું તારી સાથે પરણવા ખુશીછું."

"ઠીક ત્યારે" જયોર્જે જવાબ આપ્યો, "તું રોટલી પુરી પાડજે અને હું ગમે તેમ કરી એમથી તેમથીબી પાણી મેલવી શકીશ."

એક ફ્રેન્ચ 'પેપર' નિચે પ્રમાણે લખેછઃ—

"ગઇ કાલે સાંહજે એક ન્હાની બલુ 'પોકેટબુક' ખોવાઈ છે, જેમાં ઘણી જાતના કાગલો અને એક દરજીનું ૨૦૦) રૂપ્યાનું બીલ છે. જેબી કોઇ સખ્સને તે જડેતો મેહેરબાની કરી તે બીલ પગાર કરવું, અને બીજી કંઈપણ પરપુછ કરવી નહિં."

"ડીયર, આપણે પરણ્યા અગાઉ મારી દરેક ઇચ્છા અને માંગણી કબુલ રાખવાનું જે તમે વચન આપ્યુંતું તેમાનું તો આજે હું કશું જોતી નથી."

"હા પણ ત્યારથીજ કેશો આપણો વખત એવો કંગાલ ચાલેચ મારી લવ, કે હું કશું કરી શકતો નથી."

પેહેલો છોકરો—"મારી મા તારી સાથે રમવા ના કહેચ કારણકે તું એક મોચીનો છોકરો છે."

બીજો છોકરો—"તેથી શું તારો બાપબી મોચી કે'વાયોકે?"

પેહેલો છોકરો—"નહિં પણ મારા બાપની એક જોડની કીમત બરાબરની તારો બાપ સો જોડ બનાવેચ, અને તેથી હું તારી સાથે રમતો નથી."

બીજો છોકરો—"ત્યારે મારા બાપ કરતાં સો દરજ્જે તારો બાપ હલકો કે'વાયો, ચાલ હું તારી સાથે હવે રમવાનો નથી."

ધણી ધણીઆણી એકજ કે'વાય,—ડાકટરઃ—"શું હજુ તમો ધણી–ધણીઆણીનો તાવ મટયો નથા!"

"નહિં, ડાકટર સાહેબ અમો બન્ને જણા બહુ દુખી થઇએચ"

"હું કહુંછ કે તમે 'બ્રાન્ડી' અને 'કવીનાઈન' થોડા થોડા લેવો"

"બચિત ડાકટર સાહેબ."

"અને ત્યારેજ તમારો તાવ ધીરે ધીરે ઓછો થશે. હું ધારૂંછ કે મેં કહ્યું તેમ કરશો તો તમારો તાવ ખચિત જશે"

"હું પણ તેમજ ધારૂંછ. ધણી–ધણીઆણી એકજ કે'વાય કેની ડાકટર? તેથી મેં 'બ્રાન્ડી' લીધો અને મારી ધણીઆણીને 'કવીનાઈન' આપ્યું."

એક બેવકુફ માણુસનો બાપ માંદો પડયો. જયારે તેને માલમ પડયું કે તે મો'તની અણીપર છે, ત્યારે તે આંખમાં પાણી લાવ્યો અને તેની પાસે ઉભેલા માણુસોને કહ્યુ કે હવે એને નવાડી લેઓ. તેઓએ કહ્યું "હજુ તે મરી ગયો નથી" તેણે જવાબ દીધો 'તેમાં શું છે, નહાવા પછી મરી જશે, તેથી જે વખતે તે મરશે તે વખતે આપણે એક નહવાડવાના કામથી પરવારશું.'

'મુવા પેહલા ઘોર ખોદે તે એવા હોય.'

એક બેવકુફ માણુસે તેના મિત્ર સાથે સરખે ભાગે એક ગુલામને વેચાતો લીધો. તે ગુલા[illegible] દિવસ કાંઈ ગુનોહ થયો જેથી બેવકુફ તેને સજા કરવા [illegible] તેના ભાગીદારે કહ્યું "તું શું કરેચ?" તે બેવકુફે જવાબ દીધો "તું બેચેન નહિં થા, કારણકે હું તો મારા ભાગની સજા કરૂંછ."

બે મિત્રો એક સાંજના સાથે બેઠા હતા. તેઓ બખીલાઈમાં એકેકથી ચઢીઆતા હતા. તેમાનાં એક મિત્રે બીજાને કહ્યું 'હું હવે સફરે જવાનો ઇરાદો રાખુંચ, માટે હવે આપણે ઘણી લાંબી મુદતે મલશુ; તેથી મને તારી આ વીંટી આપ, કારણકે મારી નજર જ્યારે તેનાપર પડશે, ત્યારે હું તને યાદ કરીશ.' તે બખીલ બોલ્યો "જો તને, મને યાદ કરવાનીજ મરજી હોયતો, તું જયારે તારી આંગળી ખાલી જુએ, ત્યારે યાદ કરજે કે મેં મારા મિત્ર પાસે વીંટી માંગી હતી પણ તેણે આપી નહીં."

કોઈ કવી એક અમીરને ત્યાં ગયો અને ઘણીએક તારીફ કરવા લાગ્યો. ત્યારે તે અમીર ખુશી થઈને કહેવા લાગ્યો કે મારી પાસે કાંઇ રોકડું નથી પણ અનાજ ઘણું છે વાસ્તે કાલે આવે તો તને આપું. પછી કવી પોતાને ઘેર ગયો. બીજે દહાડે તે અમીરને ત્યાં પાછો આવ્યો. તેને જોઈ અમીર કહેવા લાગ્યો કે શું કરવા આવ્યો? તું અજબ તરેહનો છે, તને કાંઈ અક્કલ નથી. તેં મને તારી વાતથી ખુશી કરયો ને મેં તને મારી વાતથી ખુશી કરયો. હવે અનાજ શાનું આપું? આવાં વચન સાંભળી તે કવી [illegible]સાઇને જતો રહ્યો.

એક નીશાળના માસ્તરે પોતાના વર્ગના છોકરાઓને એક દાખલો મંડાવ્યો ને કહ્યું કે કોઈએ એક બીજાની સ્લેટમાં જોવું નહીં. આ વાત ધ્યાનમાં રાખી એક છોકરે પોતાની પાશેનાં છોકરાની સ્લેટમાં ન જોતાં ધીમે સાદે જવાબ પુછયો કે 'શું આવ્યું?' માસ્તરે ચપગાતા વાપડીને કહ્યું 'વળી શું આવે છોકરો કે છોકરી, બીજુ શું.' છોકરો બીચારો મેહેતાજીનું કોડું જ જોયા કરેચ.

એક સખસ પોતાને ગામ કોઇ મીત્ર ઉપર કાગજ લખવા બેઠો અને લખતાં તે જેટલા શબ્દો લખતો જાય તેટલા શબ્દો બરાડા મારીને લખે. મારા જેવાએ પુછયું કે 'અલ્યા તું દીવાનો તો નથી ને?' 'કેમસાબ દીવાનો ચોમશું', પેલાએ જવાબ દીધો. "એમ બરાડા મારવાનું કારણ શું, તે આ પત્ર વાંચનાર સખસ કાને બેહેરો છે એટલા માટે બરાડા મારતો જાઉંછું કે એમ થવાથી લખાંન વાંચતા બરાબર સંભલાય."

રણછોડ—અલ્યા પીતાંબર, મેં ગઈ કાલે એક ન્યુસપેપરમાં વાંચ્યુ કે મુંબઇ ખાતે આ વરસે એકંદર ૮૭ ઇંચ વરસાદ પડયો. હું પુછવા માંગુચ કે આ શી રીતે ગણત્રી કરતા હશે વારૂ? પીતાંબરે પોતાની અકલ ખર્ચી કે 'ભાઈ રણછોડ આટલું પણ તને માલમ નથી? જો તને સમજાવું. ઇંચ બીચ તો ઈંગ્રેજી તોલ, પણ તારે જો પાણી માપવું હોય તો વરસાદ વરસે તે વખતે તારા ઘરના નેવ નીચે થોડાંક વાણસ મેલ અને તે ભરાવા કેડે તરાજવામાં પાણી તોલી કાઢ. શમજયો કે."

બાપ—(દીકરાને ધમકાવીને) અહીં આવરે લુચ્ચા, તું ત્યારનો ક્યાં હતો?

દિકરો—એક જુવાન છોકરીની શોધમાં

બાપ—હું રાસ્કલ ચોર! મને એમ કરતાં તેં કોઈ દહાડે જોયો હતો કે?

દિકરો—(નિર્દોષ ચેહેરો કરીને) તો હું શું જાણું બાપાજી મારાં માવડીને એ વાત ખબર હશે

એક ગરીબ પણ ડાહ્યો બાઈ એક ધરમના દવાખાનામાં ગઈ અને કહ્યું—"મારા બચ્ચાને રાતથી પેટ આવેચ, વાસ્તે કંઈ દવા આપો"

કંપાઉડરે થોડોક 'ચોકપાઉડર' આપતાં કહ્યું "આએ પાઉડર એક પાવલી લઈ તે ઊપર જેટલો રહે તેટલો આંપજો."

બાઈએ સભ્યતાથી એક ઘડપર ડોકું વાંકુ વાળી જવાબ દીધો "પણ પાવલી નથી તે? એક આપોની?"

એક દોસ્ત કે જે જનાવરોના ચિત્રોનો ઘણો શોકીન હતો તેને ત્યાં એક ગધેડાનું લાકડામાં કોતરેલું ડોકું ઓરડા મધે ટેબલપર વચ્ચો વચ મેલેલું હતું. એક દહાડે તેનો કોઈ મિત્ર મળવા આવ્યો. તે આવતાં વાર પેલું ડોકું જોઈ બોલી ઉઠયો, "દોસ્ત મચી, એ શું તારી પોતાની સબી કે!"

"નહિં રે!" મચીએ સમયશુચકતા વાપરી જવાબ આપ્યો "એતો આરશી છે! કે જેમાં તમો તમારા ગધેડાં જેવો ચેહરો જુવોછો!!"

કાવશજી એક દહાડે ઓફિસમાંથી આવ્યા તેમને જોતાંજ મ્હાનો છુઓ સાંમો દોડી ગયો અને બોલ્યો, "બાવા, બાવા, તમારા પેલા શીરસ્તદાર ખરશેદજી ત્યારના આવી ગીયાજો. બીચારા એવા ભલા છે કે અમોને બધાને એકેકી ચુમી લીધી, ને માય જીનેબી લીધીજો.!"

કાવસજીનાં ડોળા નિકળી પડયા કે નહિ; તેની જામિનગીરી અમો આપતા નથી.

બાનુઓ માટે ખાસ—વિલાયતમાં આપણી ટાપુવાલા જાણીતા "ગપસપ" જેવાં રમુજી પત્રો ઘણાં નિકળે છે. તેવામાં ના એકે એક વાર 'ટોલ્લો' ઉરાડયો કે—"અમોને મલેલી ગણત્રી મુજબ ગયા વરસમાં બધી મળીને ૫૪૦ બઈરાંઓ 'ફેન્ટ' (બેશુદ્ધ) મારી ગયાં હતાં, જેમાં ખુશી ભર્યું એછે કે માત્ર બેજ જણાં ભોંયપર પડી ગયાં હતાં, બાકીનાં બધાં મરદોનાં હાથમાં ઝીલાઇ રહ્યાં!!!"

બાઈઓ, પ્યારથી વાંચજો, 'શેસ' ભરતાનાં!

એક "કડકા બીલુ" એક શદગ્રહસ્થ પાસે જઇ કગળીને કેહેવા લાગ્યો, "સાહેબ મને એક પાંચ રૂપીઆ ઉછીના આપો."

ગ્રહસ્થે કહ્યું; "પણ હું તમોને ઓલખતો નથી તેનું કેમ?"

પેલો બોલ્યો "તેથીજ હું પણ તમારી પાસે આવ્યોછું સાહેબ, કારણ કે જેઓ ઓલખે છે તેઓ મને પાંચ પઈ પણ ધીરવાની ના પાડે છે."

ખહીનાં રોગથી પીડાતા એક સખસને તેનો મિત્ર સાંમો મલ્યો. મિત્રે પુછયું "દોસ્ત તું કેટલો ધીરો ચાલે છે?"

પેલા દરદી દોસ્તે જવાબ આપ્યો; "જરૂર જલ્દી જવા માટેજ હું ધીરો ચાલુંછું!"

સુરતનાં એક ભીમાશા મેધાશાએ પોતાના ઘરકામના ઉપ્યોગ માં એક "કુબેર નામનો" નવોજ નોકર રાખ્યો હતો કે જેને પેહલે દીવશેજ પોતાની ચાલાકીનું ચરીત્ર દેખાડી આપ્યું.

ભીમાશાની સ્ત્રી દેરે દરસન કરી ઘેર આવી કુબેરને બુમ પાડી કહ્યું—"અલ્યા ચોકમાંથી પગ ધોવાનું પાણી લાવતો!"

શેઠાણીનો ઘાંટો સાંભળી કુબેરે એક લોટો લઇ દોડતો પાછલે બારથી ચોકની ગેઠ આગળ આવેલા ફાનસના નળમાંથી લોટો ભરી પંદર મીનીટમાં હાજર કીધું. ઘણી વાર થવાથી શેઠાણીએ કહ્યું—

"પીટયા કયાં મરી ગયો હતો, ચોકમાં દેગડો ભરેલોછેને"

"ના છેઠાનીછાબ! તીફાતો નળ દેહુ!" શેઠાણીનું કોઠુ બોંપા!

મનમોહન—દોસ્ત ઇશ્વરલાલ! હવેતો મારા રૂપીઆ આપી દે, કેમકે ઘણા દીવશ થઇ ગયા. અને મને ન આપવા હોયતો ના કહે?

ઈશ્વરલાલ—ભાઇ તારા રૂપીઆ સુપ્નાં જોવા. એશું બોલ્યો? પણ ન આપવાનું કારણ સમજયા, જો માંગોછો તો તમારી સાથે આટલી આટલી વાત પણ થાય છે નહીંતો કંઈ થવાની હતી. સાહેબજી! મળજો મેહેરબાન.

મી. કંટ્રીમાસ્તર—દોસ્ત બાટલીશંકર ! પેલી અબળા કુવામાં કેમ પડી વારૂ ?

મી. બાટલીશંકર—અરે જાઓ માસ્તર શાબ, એમાં તે શું ? કુવા ઉપર ચઢીને જોકંદા !

મી. કંત્રીમાસ્તર—પણ પડવાનું કારણ ?

મી. બાટલીશંકર—અં.....તેતો...બંદાએ હાથ નહીં આપયો તેમાંજતો ?

"બાઇ રૂપલા પણ તેવા ખરાની?"

દેસાઇજીએ પોતાના નોકરને તતડાવીને કહ્યું કે, "અલ્યા હું આવુંછું ત્યારે સલામ શા માટે નથી કરતો ?" આ ઊપરથી નોકરને ચાનક લાગી તેથી બીજે દીવસે શેઠને આવતા જોઈ તુરત વાંકો વલી હાથ ઊંચકયો પણ "સલામ" એ શબ્દ યાદ ન રહેવાથી ધભરાતો બોલ્યો જે, "દેછાઈજી, લો, આ કાલે કહ્યું'તું તે !"

એક ધરડા કાકાએ એક દહાડે ખાનાની તેબલપર એક હસવાની વાત કીધી. જે તેવણ વારેઘડીએ જયાંબી જતા ત્યાં કરતા હતા. તે સાંભલીને ઘણા જણાઓ હસ્યા. માત્ર એક જુવાન ગબરૂ સખસ મુદલ હસ્યોજ નહીં. પેલા ડોસાએ જરા મીજાજથી કહ્યું "કેમ શુકલાભાઇ તમુને તો એ વાત પસંદ નહીં પરતી હશે." શુખલાજી બોલ્યા "નારે કાકા તમુને તો મુદલ ખબરજ નથી, ગયા વરસની વાત ઉપર તમે એ વાત કીધી હતી ત્યારે હસતાં-હસતાં મારા આંતરડાં ઉઠલાઈ ગયા હતા."

થોડું ભણેલી મણીકોર—પોષ્ટનો શિપાઈ-"મણીકોર હીરાલાલ કીસકા નામ હે"

મણીકોર (બારીએ આવી):-"ભાઇ મુકો એતો અહીંજ."

મણીકોર નીચે આવી પોતાના ધણીના હાથનો કાગળ જોઇ તેને ખુશી થઈ વાંચ્યો, અને જવાબ લખવા માંડયો.

સવસતીસી મુબઇ સેરમા આપરી કીકીના બાપ ને મલમ થાય જે ટમારો કાગર આવીઓ તે પોચીઓછે ને તમે મને લખઙો જે જરૂર મોકલજોઓ તે સારૂ અમે રામુને મોકરીસું. બીજુ લખવાકારન એછેકે મારા સારૂ વાદરી રંગના ગવન બેએ જરૂર બે લાવજો ને કીકીના સારૂ અલવા લાવજો ભુલસોનઈ. લીખતંગ મનીકોરના પરનામ વાંચજો.

મણીકોર ચાર કલાકે કાગળ લખી રહી અને બે કલાક તેને પેક કરવામા ગયા, એટલે બોમબેની પેસીનજરમાં તેનો ધણી આવી પોહોચ્યો. (મણીકોર નીચે આવી)

"તમે તો કાલે આવવાના હતા નો?"

"મારા ઉપર સાહેબની મે'રબાની હતી તે ગાડી ખુબ જોર માં ચલાવી એટલે આવી પોંહચાયું"

અવરંગ બાદશાહનો દીવાન ઇરાનના બાદશાહને ત્યાં ગયો, અને ત્યાં જાજરૂમાં પોતાના બાદશાહની તસ્વીર લટકાવેલી જોઈ. તે જોઈને ઓરંગના દેવાનને કોઇએ પુછ્યું જે આનું કારણ શું છે? દેવાને જવાબ દીધો જે હમારા બાદશાની શીકલ જોતાંજ ઈરાનના બાદશાનું પેટ છુટી જાએ છે. તેને માટે એમ કીધું છે.

વાલોડ ગામનો એક છીબકો પેહલ વેહલોજ 'ઉકા'ની સાથે સુરત આવેલો તે બધી તરફ નજર મારતો મારતો એક દુકાન તરફ ઉતરી પડયો; જયાં એક મીટાઇવાલો પોતાની દુકાન સણગારી બેઠો હતો, ત્યાં આગળ આ છીબકાદાશની પગ ગાડી અટકી, અને બિલંન નીગાહથી મીઠાઈની ભરેલી દુકાન ભોંપવા લાગ્યો અને બોલ્યો:—

"દોહ ઉકાભાય, આમાહથી પઇનું લઈએ તો કેટલું આવહે?"

ઉકો જરા જાણીતો હતો તેથી બોલ્યો—"માંરા હહરા, પઈનું કીયો તારો બાપ આલહે. લેવું હોયતો પેલી જલેબી લે?"

"ત્યારે તીફા પેરી હારીમાં ચકરડા જેવુંછે તે 'જલેબો' કે?"

ઉકો જરા મીજાજથી બોલ્યો "મેર સારા મુરખા ! એતો મોટી જલેબી છે ? ને આફાની હારીમાં તો મોટા પેંડા દેહું ?"

"ત્યારે તીની નીચે જે નાના ગોળ છે તે પેંડી કેની-તો?"

ઉકો હવે ખીજવાઈને બોલ્યો "જાજા સારા! ઇની નીચેતો મુબઇનો હલવો દેખુંને એમ કેમ ભસે ?"

"તો ઉકાભાય! મુંબઈનો હલવો અહીં કેમ આવ્યોજો!"

ઉકાએ કહ્યું—"નહદો આવેરે પોરિઆ તું ઢોર છેકે હૂ?"

"દોહ! ઉકા મનેતો એમ વીચાર પોંહચેકે, એક પઈનો લઈ ધરાઈને ખાઊં!"

ઉકો—"હહરા પઈહાનો લઈ મરની તો? મહી કેટલો બધો મહાલો હજી આવહે ?"

"ત્યારેતો નહીરે દાદા—મારૂં મોનું તીખું થઇ જાય!"

ઉકાએ જોરમાં ધપ્પો મારીને કહ્યું—"ચાલ ! ચાલ ! સારા, તેં ખાધો હલવો! ભાય દુકાનવારા હેઠ, માફ કરજે હો? અને તો પુરા અજાનીયા છીએ દાદા!"

દુકાનદારે કહ્યું--"ભાઈ આવજો હોંકે શુખ પામેતો ?"
"કંઈ નહીંરે બાપ! અમે આવીહું? બાઇ રામ રામ રામ હોંકે!"

વકીલની સંલાહ વકીલનેજ ભારે—એક વેળા એક સખસે ચોરી કીધી તેને સ્હેજ મુદાપરથી પકડયો અને એક ચોકસ દહાડે કોરટમાં હાજર રહેવા કહ્યું. તે સખસ લાગલો વકીલને ઘેર ગયો ને તેની સંલાહ પુછી. વકીલે પોતાની સલાહનાં રૂ. ૨૦૦) માંગ્યા તે તેણે આપવા કબુલ કીધા, પણ જણાવ્યું કે મારો છુટકો થશે તો હું આપીશ જે વકીલે કબુલ કીધું. પછી કહ્યું કે તુને કોરટમાં કોઇબી અને કોઈબી સવાલ પુછે તેનો તારે કશો ઉત્તર આપવો નહીં ફક્ત "હાઉ" કરી જવાબ આપવો. હવે પેલો કોરટમાં ઠેરવેલે દીવશે હાજર થયો. કારકુને પુછ્યું તારૂં નામ શું ? જવાબ આપ્યો "હાઉ" સવાલ-તારા બાપનું નામ શું ? જવાબ.-હાઉ.-સ.-તેં. ચોરી કીધીછે? જ.—હાઉ. આથી મેજીસ્ત્રેટ સાહેબ ચીરડઇ ગેયા ને કહ્યું એ બુમખ બરોબર જવાબ આપ, નહીં તો કોરટની મસ્કેરી કરવાનો વાંક મુકી કામ ચલાવવામાં આવસે. જ.-હાઉ. હવે પેલો વકીલ બોલી ઉઠયો સાહેબ એતો ગાંડો છે એ શું ચોરી કરતોતો. આ વાત કોરટના ધ્યાનમાં ઉતરવાથી તેને છોડી દીધો. બીજે દહાડે પેલો વકીલ પેલાને ઘેર ગયો ને કહ્યું ભાઇ મારા રૂપીઆ આપો. પેલાએ જવાબ આપ્યો "હાઉ." ગરીબ બીચારો વકીલ મોડુંજ જોયા કરે છે ! ને પુછેછે કેમ બા મેં તુને કેદમાં જતો બચાવ્યો ત્યારે મારા રૂપીઆનો જવાબ આપ્યો કે "હાઉ."

ગરીબ બીચારો વકીલ તેને નામની પોક મુકીને ઘેર ગયો.

રાંદેર શેહેરમા એક શિક્ષક પોતાના વરગમાં છોકરાઓને દાખલો મંડાવ્યો. તે એવા રીતે કે,—

"૧૬ માણસ ૧૦ બાયડી અને ૩ છોકરાંછે, એમાંથી ત્રણ સરખા ભાગ કરો."

આ દાખલો કરવામાં બધા છોકરાઓ ભારે ગુંચવણમાં પડયા પણ એક તોતડો છોકરો ઝડપથી બોલી ઉઠયો જે—

"મેતાજીસાબ ! આવું પાપનું તામ હમાડેથી તો નહીં થાય."

રતન અકકલમારૂં એક દીવસે એક મીત્રને ઘેર જમવા ગયલો જયાં રાત પડી જવાથી તેના મીત્રે કહ્યું "આટલા બધા વરસાદમાં અને વળી રાતની વખતે તારે ઘેર નહીં જવાય માટે આજની રાત અહીંજ સુઈ રહેજે" આટલું કહી એ બીચારો તો ઘરમા ગયો. એટલે અકકલમારૂં ઘેર જઇને આવ્યા અને ભીંના–તર થઇ ગયલા સરીરે ઠુંઠવાતા ઠુંડવાતા બાઇ સાહેબના દીવાનખાનામ' આવીને ઉભા. આ જોઇને પેલા મીત્રે પુછયું "કેમ, તું કયા ગયો હતો ?" ત્યારે અકલમારૂએ કહ્યું "હું મારી 'વાઈફ'ને જરા કહેવા ગયો હતો કે આજે વરસાદ પુસ્કલ પડે છે તેથી મારાથી ઘેર આવી શકાય નહીં અને તેથી તું મારી વાટ જોતી નહીં ! ! ?"

હોરમજજી શેઠ કે જેવણ દિવાળીપર મુંબઇ સેહેલ કરવા ગયા હતા. તેવણ જયારે પાછા આવ્યા ત્યારે તેવનના બુચાએ પુછયું કે "બાવાજી, બાવાજી, તમે વાંદરા થઇને આવ્યાતા"? હોરમજજીએ કહ્યું 'હા બેટા' ત્યારે બુચો બોલ્યો કે 'ત્યારે તમુને પુછડી કયાંછે?'

ચાલતા માસની આઠમને સોમવારે શા૦ મોતીચંદની સ્ત્રી બાહર જવા માટે તરેહવાર સરીરપર લુગડાં ઘરેણું પહેરી દરપણુમાં જોઈ વીચાર કરે છે જે, આજે તુલશી પાટીઆ, અને કાંટા વગર મોઢું કેવું બેડોળ દીસે છે ? પણ લાવ છીબલા પાસે મંગાવી આજ પેહેરીનેજ જાઉં. એમ ધારી છીબલાને બુમ પાડી.

છીબલો વાસણ માંજતો હતો તે ત્યાંથી દોડતો આવ્યો, "કેમ સેઠાણી સાબ."

"જા, દોડતો વખારમાં તારા સેઠ પાસેથી કાંટો અને તુલશી પાટીયા લઈને વેહલો આવ."

છીબલો ઝડપમાં જઈ સેઠને પુછ્યા ગાછ્યા વગર વખારમાં અઢી ત્રણ મણનો કાંટો ઉતારવા માંડયો. બીચારા છીબલાએ માહા મેહનતે ઉતારયો પણ ઊંચકી શકાયો નહીં તેથી પાછો શેઠાણી પાસે આવ્યો અને કહ્યું.—

"શેઠાણી સાબ, કાંટો તો માહા મેહનતે નીચે ઉતારયોછે, હવે પાટીઆ કેવા સાગના કે શીસમના મંગાવ્યા તે તો ભુલી ગયો. માટે તમે કાંટાને સારૂં બીજું માણસ મોકલો કે ચપ લઈને ઘેર ઊંચકી લાવીએ!" જુઓ શેઠાણીનું કોહું!!!

ફરામજીશેઠ—"એમ આવરે કુમલા; આ લગનની ચીઠી તો પરમદારની આવેલી છે-ને તેં મને આજે કાંય આપી ?"

કુમલો—"એમાં જમેવાનું તેકુતો આવતી કાલનુંછે. તે આજે મલે તેબી હરખું ને પરમદારે મલે તેબી હરખું."

ધણી-ધણીઆણીઓ બેનતાં સુધી એકજકદનાં હોવા જોઇએ. ન હોવાથી નીચલો ફારસ બન્યો. એક માણસ ઘણોજ ઠીંગણો અને કદમાં ૩ ફીત ઉંચો હતો અને તેની બાયડી ૫ ફીત લાંબી હતી. એક વેળાએ બાયડીનો કાંઇ ગુનાહ હોવાથી તેના ધણીનો મીજાજ ફરી ગયો, અને કહ્યું કે, "ખુબ સંભાલજે, એક તમાચો મારીશ તો દાંત તોડી પાડીશ," આ વખતે નોકર જે શેઠાણીની હજુરમાં ઉભો હતો તેને કહ્યું, "આમે આવ અલ્યા, તારા શેઠને કેડ ઉપર લે કે મને તમાચો મારવાને બની આવે!!"

એક શીક્ષકે પોતાના વરગના છોકરાને પુછ્યું "બોલો છોકરાઓ, સઉથી મોહટામાં મોહટી જીભ કોની ?"

છોકરાઓએ ઘણીજ ચાલાકીથી જવાબ આપ્યો. "બઈરાંની સાહેબ!!"

શેહેરનો એક નગરશેઠ અને તેનો છોકરો, પાસેના ગામથી આવતા હતા. આ વખતે એક "ગુલાબ" નામનો હસમુખો સિપાઈ પોતાની બંને ખાંધ ઉપર નગરશેઠનો અને તેનાં છોકરાનો જામો નાંખી, ખોડાતો ખોડાતો, તેમની પછાડી ચાલતો હતો. આ બનાવ જોઇ નગરશેઠના છોકરાએ કહ્યું.—

"અરે ગુલાબ! તારીખાંધપરતો એક ગધેડાની માફક બોજો પડયોછ"

આવું સાંભળી ગુલાબે, ધીમે અવાજે જવાબ આપ્યો:—

"નહીં સાહેબ, એક કેમ? બે, ગધેડાનો બોજો પડયોછ.!!"

એક મીઠાઇવાલાની દુકાને કોઈ ઘરાક મીઠાઈ લેવા આવ્યું. મીઠાઇવાલાએ મીઠાઇ જોખીં, અને બરવાની માટલી મેડે મુકી હતી, તે લેવા જતી વખતે પોતાનો પાંચ વરસનો છોકરો ત્યાં બેઠેલો હતો, તેના કાનમાં કહ્યું કે, "તું જોતો રહેજે, આ ઘરાક કંઇ ઊંચકે નહીં." આ ઉપરથી છોકરાએ બરાબર ચોકશાઇ રાખી અને તેનો બાપ નીચે ઉતરતો હતો, તેવોજ છોકરો જોરથી બોલી ઉઠયોકે, "બાપા, આ ઘરાકતો કંઈ ઊચક્યું નથી."

આમોદ ગામમાં એક કણબીની બાયડી અને ભેંસ એ બંને સાથે માંદા થયા. આથી કણબી ગામના વઇદ પાસે દવા વેચાતી લાવવા પાસેના કસ્બામાં ગયો. બંનેને માટે દવા લાવવા જેટલા પઇસા ન હતા, તેથી વૈદે ચીઠી વાંચી કહ્યું:

"આ પઈસામાંથી તો એકનીજ દવા મળશે, માટે બોલ તારે કોને સારૂ જોઇએ છે?"

"બાપ, ભેંહને હારૂજ આપો!"

"અલ્યા! બાયડી કરતાં ભેંસ વધારે વાહલી છેકે શું!"

"અરે બાપ! બાયડી તો નહડીએ ૩૦ રૂપીઆમાં મળે, પણ ભેંહરાના તો હો હવાહો રૂા. દેવા પડે છે!"

વીઠલ નામના એક ઘાંચીને દારૂ પીવાની બુરી લત હતી તે એક વખત પીઠામાં ગયો અને પીઠાવાલા પાસેથી દારૂ લઇને પીધો અને પૈસા આપતાં તે બોલ્યો "યાર રૂસ્તમ, તુંને શુ કહું જે પૈસા એમ ખુવાર થઈ જાયચ."

એક સોદાગરે એક કાછીયાની દુકાન ઉપર આવીને કહ્યું કે 'મારી પાસે થોડુ જવાહીર છે, રાખશો?' કાછીઆએ જવાબ દીધો 'રાખુતો ખરો, પણ જો વેગણને બદલે આપો તો.'

સોદાગરે બીચારાએ રસ્તોજ પકડયો.

એક વેળા એક સખસે એક દુકાનપરથા ચીરૂટ ખરીદી ને તેને ત્યાંજ સલગાવી ને તે ત્યાંજ પીવા માંડી. ત્યારે પેલા દુકાણદારે કહ્યું શેઠ મારી દુકાનપર બીડી ના પીવો. પેલાએ કહ્યું કે મેં તમારી દુકાનપરથી ખરીદી છે તેથી એ કેવી છે, અને શું પરીણામ આવે છે તે જોવાને હું તો ત્યાંજ પીવાનો. ત્યારે પેલા દુકાનદારે કહ્યું કે જો કોઈ ઘરાક આવીને જોલાબની ગોળી માંગે ને તે કેવી છે ને તેનું શું પરીણામ આવે છે તે જોવાને ત્યાંજ ગળે તો તેને ગળવા દેવી કે? પરીણામ એટલું કે પેટ છુટી જાય તે કેમ પરવડે. વાસ્તે એક ઘરાક તમારા જેવું નહીં આવે તો પરવડે.

ઘંજી પટેલ બાપદાદાના વારાથી મુંબઈ નહીં જોયલું તે બાઇ સાહેબ મુંબઈની સહેલ કરવા ગયા. બજારમાં ફરતાં ફરતાં એક પાટીઆપર એવું લખેલું હતું કે "બૈરાઓને માટે સુવાવડ ખાતુ." આ ઘંજી પટેલે એમ ધાયુ કે "એમાં કંઈ બૈરાઓને જોવા માટે મજાહ હશે" એ વીચારી પોતાની સાથેના મીત્રને પુછયું "હેં બગલા, આ બઈરાઓનું સુવાવડખાતુ લખેલું તારે આપરા મરદોનું કેહા ઓહે? ચલની આપરે ખબર કાઢીએ" બગલો બીચારો આ સાંભળી હસી પડયો ને પછી તેનો ખુલાસો કીધો.

અમદાવાદ શેહેરમાં શા. ખીમચંદ ઝવેરચંદની પેહેડીપર વરસ દહાડે ત્રણ ચાર લાખની ઉપજ હતી. આ મોટી ઉપજના હીસાબ કીતાબ કરતાં દરવરસે બે ત્રણ હજારની સાહી વપરાતી હતી. ખીમચંદશાહે એ સાહીનો ખરચ કમી કરવા માટે હુકમ આપ્યોકે, 'કાના માત્રા, લખવા બંધ કરો" મેહતા મુનીમોએ આ હુકમ માથે ચડાવ્યો અને દફતરમાં કાંનાં માત્રા લખવા બંધ કીધા, જેથી દર વરસે એક હજારની સાહી ઓછી વપરાવા લાગી, અને ખીમચંદશાનાં ઘરમાં એક હજારનો ગુણ થયો.

દીલ્હીમાં એક કાજી દરરોજ મસજીદમાં કુરાંન વાંચતો હતો. આ વખતે ઘણાંક મુસલમાનો એકઠા મલતા અને કુરાનની વાતો ધ્યાનમાં લેતાં એક દિવસે મસજીદનો મોટા પરબ હોવાથી ઘણાં માણસો એકઠાં થઈ, એકચીતે સાંભળ્યાં કરતાં હતાં. આ સઘળા માણસોમાં એક બાર વરસની ઉમ્મરનો છોકરો મસજીદની અંદર રડયા કરતો હતો સાંભળવા બેઠેલા માણસો ચુંકે ચાં કરતાં નહીં હતાં, પણ પેલા છોકરાની રડવાની મકસદ શું છે તે સમજવા બે ત્રણ પુરૂષ ઉભા થયા અને તેને પુછ્યું કે, "ભાઈ તું કીઉં રોતા હે" આના જવાબમાં છોકરાએ ઉત્તર આપ્યો જે—"મેં રોતા હું સો, એ કાજીકું દેખકે, કીઉંકે મેરાં બકરા મર ગયા વો, ઈનોકે જેસા થા."

બે મુસલમાન ખલાસી મુસાફરી કરી આવેલા હતા તે એક પ્રસંગે બંને જણા એક બોટમાં બેસી બીજે દેશ જવા નીકલયા. પેહેલાથી મીયા છાદુખાં બોલ્યા, "ક્યું મીયાં

તુમને કાંહાં કાંહાંકે મુસાફરી કીહે?" મીયા બોલ્યા "મેને બોતસે ગરમ દેસમે મુસાફરી કીહે, ઓર કયા બાત કહુ મીયાં, હમ એસે ગરમી કે દેસમે ગયેથે, કે વાં હમારી પીનેકી ચા, સુરજકી ગરમીસે હોજાતીથી, ઓર હમ ખાનાબી સુરજકી ગરમીસે પકાતેથે." જાદુખાં બોલ્યા "જી એતો ઠીક, લેકીન હમ એસી ઠંડીકે મુલકમે ગએતે, કે વાં જો હમ બોલતે થે સો ઠંડકે લીયે ઓ શબ્દોકી હવામે ગઠડી બંધાતીથી, ઓર હમ જરા ગરમીકે દેશમે આયે તબ ઓ ગઠડીમેસે સબ બાત હોતીથી. જી એસી મુસાફરી હમનેબીકી હે!" ——————

શેઠનો સાલો—મી. પોપટલાલની સ્ત્રી મેનાગવરીયે એક દીવશે નાહવા બેસતી વખતે પોતાના ઘાટીને કહ્યું કે હું આવું ત્યાં સુધી ઘરમાં કોઇને આવવા દઈશ નહીં, હું નાહવા બેઠીછું હોં—આ!

ઘાટી આ હુકમ માથે ચડાવી બારણા આગલ જઇ બેઠો.

થોડો વખત જતાંમાં મેનાગવરીનો મોટો ભાઇ ધસારાબંધ ઘરમાં આવ્યો. ઘાટીએ તેને ઘરમાં જવા ના પાડી. તો પણ તેના-બોલને ગણકાર્યા વગર આગળ વધવા માંડયું. આથીતો ઘાટીભાઈનો મીજાજ એવોતો ગયો કે તેની બોચી પકડી જમીનપર નાખ્યો. અને ઉપર ચઢી તેની અછી રીતે કુંદી કરવા માંડી.

આ ગડબડથી મેનાગવરી એકદમ દોડી આવી અને બુમો પાડવા લાગી. "અરે! પીટયા છોડી દે, એતો મારા ભાઈ થાય!"

ઘાટીએ કહ્યું "તુલા ભાઈ દેશા?"

"અરે! મુવા એતો શેઠના સાલા થાય"

શેઠનો સાલો થાય એમ સાંભલી ઘાટીએ તુરત મુકી દીધો.

હોરાબ્જ દોરોડ ડાહ્યાને મેરુલાશા મારવાડીએ એક કાગળ પોસ્ટ આફીસની પેટીમાં નાંખવા આપતી વેલાએ કહ્યું "જો 'દોલી' ટીકીટ વેચનાર પાશે તોલાવી જોજે ? જો અડધા તોલાથી વધારે થ । તો આ બે દોહોડીઆં આપીને બીજી ટીકીટ લઈને ચોંટાડજે. સમજયો."

કાગળ તોલી જોતાં 'એક આનાની ટીકીટ જોઈએ' કરી જણાવવામાં આવ્યું જે પ્રમાણે બીજી ટીકીટ લગાડી દોલી ઘેર આવ્યો.

મેહેલાશા—કેમ દોલી, બરોબર ના તોલો હતું કે જાસ્તી?

દોલી—નારે સાબ, 'કે જે એક આનાની ટીકીટ જોઇએ' તે મેં બીજી ટીકીટ ચોંહટાડી સારે ?

મેહેલાશા—કાંહ ચોંહટાડી, આગળ કે પાછળ ?

દોલી—નારે સાબ ! દોલી બંદો કાંઈ એવો બેખબર નથી કે પાછલ ચોંહટાડો ! અને ખોદા તમુને સલામત રાખે, તે આગલી ગમતો બધી સરનામું લખવામાંજ ભરાઇ ગેઈતી તે મકુજે લખેલા ઉપર શું કામ ચોંહટાડીયે કરી પેહેલીની ઉપરજ બીજી ચોંહટાડી ! ! !

મનજી મારવાડી (નવલુ નટ્ટને)—કીમ નવલુ, એતરા મારા રૂપયા નહીં આપતો નાં ! પાછે તીઆરે પરમાણીકપણું તો તારામાં મુલેચ નાહી ઈમજ સમજવું !

નવલુ—તો ભલા આદમી તેમ સમજીનેબી "નીકાલ બતાવ" અને તારો તકાદો કરવાનુ છોડી દેની !

કોઇ એક બેવકુફ સખસ એક બાયડી પરણ્યો. ઘણી ઉ-મ્મર ગુજાર્યા છતાં કાઇ છોકરૂં થયું નહિં. તેથી તેની ઓરત ઘણી દીલગીર થવા લાગી. આ ઉપરથી તેણીનો ધણી તેને પુ-છવા લાગ્યો કે તું શા વાસ્તે આંટલી બધી ઉદાસીમાં રહે છે. "શું કરૂં" તેણીએ કહયું "આખી ઊમ્મર ગુજારવા છતાં એક બા-ળકની વૃધ્ધી થઇ નહિં, અને મને બાળક રમાડવાની ઘણી હોંસ છે." "રે પ્યારી" તેણે કહયુ "શા માટે સોચના કરેછે, મનેજ તારો લાડકો જાણી તારા જીવને રાજી રાખ."

એક દરવેશના માથાપરની પાઘડી છીનવી લઇ એક સખસ બજારભણી નાસી ગયો, ત્યારે દરવેશ નીરાશ થઇ કબ્રસ્તાન આગલ જઈ બેસી રહયો. લોકોએ પુછયું "રે મુરખ, તું અહીં કેમ બેઠો છે. તારી પાઘડી લઇ તે બજાર ભણી નાઠો છે" "બાવા" તે બોલ્યો "અંતે તે પોતાની મેળે અહીંજ આવશે. તેનો આ જગ્યાએ આવ્યા વિના છુટકો નથી અને એટલા મા-ટેજ હું અહીં બેઠો છું."

કોઈ અફીણી દરજી એક સોદાગરને ત્યાં સીપાઇગીરીની નોકરી રહયો. એક દિવસ સોદાગર સહવારનાં જલ્દી બાહેર જવાના સબબથી તે સીપાઈને ઘડીઆલીને ત્યાં ચોકસ કલાક પુછી આવવા ફરમાવ્યું; "સવા ચાર"ના જવાબ સાથે તે સીપા-ઈ (અફીણી દરજી) પાછો મુકામે આવ્યો. પોતાના શેઠને કોઈ પાર-કા માણસ સાથે વાત કરતો જોઇ તે કેડ્ની જુગમાં ભીંતને અ-

હેથી ઊભો થઈ રહયો. વાત પુરી થતાં પેલા સીપાઇને એદી માફક ઉભેલો જોઈ તેને જગાડી પુંછ્યું કે "શી ખબર લાવ્યો? કેટલા વાગ્યા" તરતજ તે ચોંકીને બોલી ઉઠયો "સાહેબ, ગજમાં બે તસુ ઓછા છે. જો મારા કેહવાપર વિસ્વાસ ન આવે તો બીજા પાસે વેતરાવો. ! ! !"

એક પાદશાહ પોતાના અમીર ઉમરાવ શાથે શીકારે નીકળ્યો. ઝાડ ઊપર પંખી બેઠેલું જોઈ પાદશાહે પોતાના અમીર પાસે તીરકમાન માંગી પોતે તે પક્ષીને મારશે એવું સુચવ્યું. તીર કમાન હાથમાં લઈ તે પક્ષીપર તીર તાકયો. જેવો તીર તાકયો કે તુરત પક્ષી ઉડી જઇ બીજા ઝાડપર બેઠો. આ ઉપરથી બાદશાહને નીચું જોવા જેવું લાગ્યું પણ તુરતજ અમીરોમાંના એક હીંમત ધરી પાદશાહને ખુશી રાખવા કહયું "આહા! પાદશાહે પેહેલાં તો તે પંખીને મારવા ધાર્યું પણ તે નિર્દોષ પ્રાણીને બીન ગુનાહ મારવા માટે દયા ઉપજયાથી તીર જાણી જોઇને ચુકાવ્યો અને તે પંખીને માર્યું નહિં."

કોઇ પાદશાહે પોતાના દુશ્મન ઊપર ફોજ મોકલી, જે દુશમનનાં હાથમાં કબજ થઇ. તરત ફોજમાનો એક માણસ ઊતાવળે પાદશાહ પાસે આવ્યો ને કહયું કે આપની ફતેહ થઈ. આવી ખુશ વધામણી શાંભલી પાદશાહ રાજી થયો. બે દિવસ બાદ ફોજ દુશમનને કબજે થયાની ખબર પડી. તરતજ જુઠી વધામણી આપનાર સખસને પાદશાહે સજા ફરમાવી, જયારે તે માણસ

કહેવા લાગ્યો, "ખુદાવિંદ, હું સજાને પાત્ર નથી; કારણકે જો એ દિવસમાં આપના મોહપર ખુશીની લાલી છે તે હાલ હું જોત નહિં." પાદશાહે આ જવાબથી ખુશ થઇ સજાને બદલે ઇનામ બક્ષ્યું

ખરસેદજી—(હજામને) "એ ડુક્કર, આમ આવ!"

હજામ—આયોજી. 'મો બોપ'

ખરસેદજી આ ઊત્તરમાં કાંઇ સમજયા નહીં. પણ આજુ બાજુના નોકરો હસી પડયા, અને પછી ખુલાસો કીધો ત્યારે ખરસેદજીનું કોહું ભોંપ!

ભીમજી બોટને તેની બાઈએ ચાંદરાતને દીને 'આવાંઇજદ' (દરીઆ)નું પાણી લાવવા એક બાટલી આપી મોકલ્યો. પોતે પણ ધરમાતુ હોવાથી પ્રાર્થના કરી દુવા માંગી, બાઇને માટે બાટલી પાણીથી ભરી તેને બુચ મારે છે તેવામાં ઓવારાપર ઉભેલા એક પારશી 'ઠોલીઆ'એ કહયું, "કેમ ભીમજી, બાટલીમાં પાણી ભરીને કાંઇ ચલાવ્યું?"

ભીમજી—બાઇને માટે, વરી કાંઇ?

ઠોલી—અરે તો ભલાં માણુસ, બાટલી ઊપર સુધી શું કામ ભરી? હમણાં તો 'ઓટ' છે, પણ 'ભરતી'નો વખત થવા આવ્યો છે માટે ઘેર જઇ પુગશે એટલામાં જો ભરતી થશે તો બાટલીમાંનું પાણીઅી ઊભરાઇ જઈને બહાર જતું રહેશે, ને તેં તો મજબુત બુચ માર્યોચ તેથી બાટલી ફાટી નહીં જશે? બીચારો ભીમજી બોટ તે બોટજ!!

ઘેર પુગતાં સુધીમાં રખે ભરતી આવે ને બાટલી ફુટીને

આંખઆંખ ફોડી નાંખે તો કાંઇ પંચાતી ! કરી અડધી બાટલી ખાલી કરી પાછો બુચ મારી દોડતો કે ગેર તરફ રસ્તો લીધો. પણ જતાં જતાંની ધાસ્તીને લીધે બે ત્રણવાર આંખ આગળ બાટલી ધરી પાણી તપાસતો રહયો. હાંફતો હાંફતો બાઇ આગળ આવીને "લેઓ બાઇ, વેહલા થાઓ, બાટલી જલદી ખાલી કરો ! નહીંતો ઊભરઇ ને બાટલી ફાટી જશે તો કોઇને લાગશે મુકશે ! !"

એક આંધળો અંધારી રાતે હાથમાં ફાનસ અને ખાંધે ઘડો લઈ બજાર ભણી જતો હતો. રસ્તામાં સામા આવતાં કોઈ સુખશે તેને પુછયું કે "હે બેવકુફ, રાત ને દહાડો તારે તો સરખાં છે એમ છતાં તેં દીવો હાથમાં ધરયો છે તેનો શો ફાયદો?" ત્યારે તે આંધળો હસીને કહેવા લાગ્યો કે "આ દીવો મે મારે વાસ્તે નથી રાખ્યો પણ એતો તારા જેવા આંધળાને વાસ્તે છે કે અંધારામાં સામ અથડાઈને મારો ઘડો બાંગે નહીં ?"

ધણીઆણી—"ખારા આ દેવળમાંનો ઘંટો રાત દહાડો વાગે પણ તે બાંગીણી જતો નથી ! તેનું કારણ શું હશે વારૂ ? !'

ધણી—"જો ડીયર ! તું સવારથી સાંહાંજ સુધી તારી વા એજ દરરોજ ચાલુ રાખેચ તેમ છતાં પણ ....."

ધણીઆણી—(ગુસ્સામાં) મરેરે ! એક વાત પણ બરાબર પુછાતી નથી. બસ જયાર ત્યાર તમાકે એજ રહી ગયલું કે ? તો જાંવ બાપા હવેથી તમારી પાસે કાંઇ નહિં બોલું."

(ધણીઆણી ગુસ્સામાં ને ગુસ્સામાં ખાધા વના ઘોંટાઈ ગયાં.)

ભગલા હજામને એક દિવસ તેના શ્રીમંત શેઠે માથું બોડવાને બોલાવ્યો. હજામજીની જીભ તેનાં અસ્ત્રા કરતાં ઘણી જ વહેતી હતી. માથું બોડતાં ચપકો પડયાથી સહેજ લોહી નીકળતાં શેઠ ગુસ્સામાં બોલી ઉઠયા "ઓ બેવકુફ, મારૂં માથું કેમ કાપ્યું" ભગલાજીએ આસ્તે રહીને ટાહુકો પુરયો કે 'શેઠજી મુંગા રહો, કારણકે જેનું માથું કપાયલું હોય તે બોલી શકતો નથી. તમે તો બોલોછો અને વળી કહોછો કે 'મારૂં માથું કેમ કાપ્યું?'

"અટ્યા છગન" તેના બાપે પુછયું "તારી ચાલચલણ માટે આજે તેં સ્કુલમાં કેટલી 'માર્ક' મેલવી."

"હા, બાપા" છગને ચાલાકીથી જવાબ દીધો, "ઘણી મેલવીછ, પણ તે સઘળી મારી પીઠપરજ છે."

"મે એક ડગલો ચોરયો છે" એક બંધવાએ વકીલને કહ્યું "અને હું કહુંચ કે તમે મને બચાવજો. શું તમે મને નિરદોષ સાબીત કરી શકશો ?"

"અરે હા; ડગલો ચોરાયો ત્યારે તમે એકસો માઇલ દુર હતા એમ હું સાબેત કરીશ, અને ત્યારે તમે છુટશો."

"તમે તેની ફી શું લેશો ?"

"ડગલો કેઇ જાતનો છે ?"

"પેહેલે નંબરનો—તદન નવોજ છે."

"ઠીક ત્યારે ! હું કાંઈ પણ ફી લઈશ નહીં.—મુગા-મુગા ડગલોજ ઘેર મોકલાવી દેજો."

મા—"દીકરા, તારી ન્હાની બેહનને મારતાં તને શરમ નથી આવતી ? તારે તો તેનીપર દયા રાખવી જોઈએ."

દીકરો—"હા માજી ખરી વાત છે; પણ તે હમે સ્કુલ રમીએ છીએ અને હું જાણે માસતર થાઉછું. ત્યારે હું એને મારૂં કે ની ?"

ન્હાનો રૂસ્તમ સ્કુલમાં પેહેલે દહાડે શું સીખ્યો ?

"તું શું શીખ્યો" તેની માએ પુછયું.

"કંઇબી નહીં !" રૂસ્તમે કહ્યું.

"ઠીક, ત્યારે તે શું કીધું ?"

"કરે શું ? કંઇબી નહીં ! એક છોકરાએ 'બીલાડી'ની જોડની પુછી અને મેં તે કહ્યું.

એક લુચ્ચો—"કોણ જાણે મારા ડાબા હાથની હથેલી શાથી ખજવાય છે !"

અનુભવી વૃધ્ધ માણસ—"એમકે ! ત્યારે તો તમને આજકાલ પૈસો હાથ લાગશે."

એક લુચ્ચો—"તમે કહોચ તેમાં કંઈજ શક નથી— યાર એક પાંચ રૂપીઆ ઉછીના આપશો ?"

ચાકર—(સેઠની પાસે રૂપ્યા લેવા આવનાર સખસને) શું જોઇયેચ ભાઈ ?

ઉઘરાણી આવનાર—હું શેઠને મલવા માંગુછું.

શું કામ છે ?

"કંઈ પૈસાની બાબદ વિષે પુછવું છે."
"સેઠ તો ગેઈ કાલના ગામ ગેયલા—"
દલગીર છેજી. (કોઠલી દેખાડી) આય રૂપ્યા આપવાના છે. પણ લેવણુ આજ સહવારનાં પાછા આવેલા છે.

સસરો (જમાઈને) શું તમે મારી એકાદ છોકરી સાથે પરણુવા માંગોછ?

જમાઇ-હાજી, એજ મારી અંતકરણની ઇચ્છા છે.

સસરો:-ત્યારે મારી નાની છોકરીની રીતમાં રૂપ્યા ૫૦૦૦) વચલી યાને બીજીને રૂ૧૦,૦૦૦)અને વડી એટલે સઉથી મોટીના રીતમાં રૂ૧૫,૦૦૦ રીતમાં આપવા કાહડું છું.

જમાઇ (બોચી ખ્વવડી) ત્યારે શું એકાદ એથી વડી નહિદે?

કરજનો બોજો—એક સખસે પોતાંના પાડોસીને સહવારમાં કહ્યું કે "અરે! ગઇ શતના વાદળાં અને વાવીજોડાએ ઘણા ઘરોના છાપરાંની પાંખો ઉરાડી નાખી, પણ તમારૂં આ ઘણુંજ પુરાણું ઘર છે છતાં શી રીતે રહ્યું?"!

"સાહેબ તમે કહોછો તે પ્રમાણે" પાડોસીએ આસ્તેથી જવાબ આપ્યો "એ ઘરતો કયારનુ ઉડી ગયું હોત, પણ બે ચાર સાહુકારને ત્યાં એ ગીરો મુકેલું છે તેથી એનાપર કરજનો બોજો ઘણો વધી ગયો છે તેથી તે ઉડી ગયું નથી.

અગમ બુધિ વાણુયો—એક ચતૂર વાણ્યો વેપારી પોતાનો સઘલો માલ ખપવાથી રૂપ્યાની દેલીઓ ખાંધે ચઢાવી ઘરનો

રસ્તો કાપવા માંડયો. તે નેપારી રાત્રે આઠેક વાગાને સુમારે એક સાંકડી ગલીમાં પડો તે ગલીની અધવચમાં એક માહાદેવજીનું દેહેરૂં હતું ત્યાં વાણ્યો જઇ માહાદેવજીના દર્શણ કરી ભૂખ લાગવાથી ઊતાવલે ઉતાવલે ઘરનો રસ્તો કાપવા માંડયો. તે થોડાક પગલાં આગલ વધ્યો ન હસે તેટલાંતો તેણે પોતા તરફ સામેથી આવતી એક 'લુંટારાની ટોળી' દીઠી. હવે આ જગે વાણ્યો પ્રથમે ઘભરાયો ખરો! પણ બંદો વાણ્યોજ બચ્ચો કેની! એટલે તાબડતોબ એક ગત સોધી કા'ડી, બનતી ઉતાવલે તે વાણ્યો પાછો ફરયો. ત્યાં તેણે પોતાની સઘળી ઠેલીઓ 'મહાદેવ' પાસા મુકી અને પોતે બેઉ હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યો કે "માહાદેવજી. આ દ્રવ્ય આપને અર્પણ કરયું છે." ઉપલું વાકય તે ઘડી ઘડી બોલતો ગયો! અને તેની સાથે (તે વાકયમાંનો 'આ સબ્દ ઉચારતી વખતે) પોતાના હાથમાં પકડેલું એક દો'ડયું પણ મહાદેવજીને બતાવતો ગયો!!

તે દેવળમાં પેલા લુટારાઓ પેઠા ત્યારે પણ તે વાણ્યો ઉપરની માફક કરવા લાગ્યો. આ જોઈ તે લુટારાઓ સમજયા કે "આ કોઈ દેવ-ભકત છે અને એ દ્રવ્ય માહાદેવજીને અર્પણ કર્યું છે માટે એ દ્રવ્ય લેવું હવે સલામતી ભર્યું નથી" એમ વીચારી તેઓ મહાદેવજીને નમસ્કાર કરી પોતાનો શીકાર શોધવાને જંગલ વચ્ચે ચાલતા થયા.

એ તરફ પેલા વાણ્યાએ તેઓના જવા પછી પોતાની ઠેલીઓ પાછી બાંધે મારી માહાદેવજીને પેલું દો'ડયું અર્પણ કર્યું અને પછી પોતે સહી સલામત પોતાને ઘેર ગયો. સાબાસરે વાણ્યા બચ્ચા! ધન છે તારી યુકિતને!!

અલી—મોકુ સાંભલોછોકે છગનના બાપ ?

અલો—કેમ શું કેહે છે ?

અલી—એ હુ, તમેતો કાંઈ કામના નહીં. પેલી માહાકોરનો વર બીચારો સારો છેકે જેમ કહે તેમ કરે છે.

અલો—શું છે વરી ?

અલી—શું છે વરી તે શું ? હમણા પેલી માહાકોર એક "અજબ" કરી ચોપાન્યું મંગાવ્યું છે તે મારે સારૂ પણ લાવોની ?

અલો—મારી પાસે એવા પઇસા ફાજલ નથી.

અલી—હવે પઈસા તે શું વધારે બેસે છે? ફકત વરસ દાહાડે ચાર આના ! બેસે છે.

અલો—બસ ચારજ આના ! ત્યારે તો આજેજ નામ નોધાવું, પણ તે કયાં આગલ મલે છે ?

અલી—નાણાવટમાં પેલા ચોપડીવાલા પારસીની દુકાને.

અલો—ચાલ ત્યારે લાવ, મારી પેટીની કુંચી; નામ નોંધાવી ને પઇસા પણ આપતો આવું. D.

એક બૈરી (ભરથારને):—"કેમ ડીયર, આજનાં દુધમાં તમને કાંઈ ફેર લાગેચ ખરો કે ?"

ધણી—"હા, હંમેશ કરતાં આજનું દુધ સારૂં સવાદ આપેચ."

બૈરી:—"ઘણુંજ સરસ છે. રોજ મુંઓ છેતરે છે તે આજે મેં બીજા દુધવાલા પાસેથી લીધું છે, તેને મને ઘણું સારૂં છે એવી ખાત્રી આપી તેથી મેંબી એક અઠવાડયું સુધી ચાલે એટલુંજ લઈ રાખ્યુંચ !"

હુસ્યારીમાં કાંઇ ભુલ નહિં. !!!

એક વેપારીએ કોઈ ગ્રહસ્થને પોતાનો સામાન ભાડે આપ્યો હશે, તે પાછો લેવાની અને તેની સાથે બે બોલ વાત કરવાની રજા માટે એક ચીઠી લખી તેના ઘર નીચે બેઠેલા ચાકરને આપી મોકલ્યો. ઘણો વખત થોભ્યા પછી નીચે મુજબ જવાબ મલ્યો:

"પ્યારા સાહેબ,—મેહેરબાની કરી આવતી કાલે આવજો, આપણે સાથે જમસું. આજે મેં મારા થોડાક રમુજી દોસ્તોને નોતરયા છે, અને તેટલા માટે તેઓના દેખતાં તમારા જેવા મુરખ આસામી સાથે હાલ હું વાત કરવા નથી ચાહતો—લા૦ મોજમજામાં ચકચુર.

ઉમેદવાર—(કુમારીકાને ઉભરાથી)"અરે જાન ! તારે ખાતર તો એક સલગતી ચેહમાં પણ જવા તઇયાર છું !"

કુમારીકા—"ત્યારે તો મેહેરબાની કરી આ પાસેના ઓરડામાં મારા 'ફાધર' આગલ આવી એટલી ખાત્રી કરો એટલે બસ પીડા પતી."

ડાકટર—"કેમ,——આજે તમારી તબીએત કેમ છે ?"

દરદી—"અરે, ડાકટર સાહેબ, આય મારાં આખાં શરીરમાં એવું તો દરદ થાયચ કે મારીથી સ્હેજ દમ પણ નથી લેવાતો, અને તે સાથે માનો કે આખી રાત જરા ઊંઘ આવે, તો તે પણ નહિં. અને બીલકુલ મને ભુખ લાગતી નથી."

ડાકટર—"વારૂ, એ સિવાય તો કાંઇ બીજુ નથી ?"

એટલું તો કાંઇ હીસાબમાં નથી !

ભીખારી (રડતો રડતો) ઓ શેઠ, મારી ગરીબ બૈરીને દફ્નાવા જેટલા પણ મારી પાસે પૈસા નથી, માટે કાંઇ દયા કરો."

શહુરી: "હાઈ યુ ચોર ! હું તારી બૈરીને ઓળખુંછ અને એક પા કલાકપર તો મેં તેને વાઘ જેવી હયાંથી જતી જોઇ અને તુ તેને દફ્નાવાની વાત લાવ્યોચ?"

ફકીર—"અરે શેઠ, હું કયાં એમ કહુચ. તેણી મરી જાય ત્યારે દાટવા જોઈએ તેટલા માટે માંગુચ?"

એક શીક્ષકે પોતાની કલાસના છોકરાઓને 'આળસુપણા' ઉપર 'નિબંધ' લખી લાવવા કહ્યું, અને એક તેવાજ આળસુના પાદશાહે બીજે દીવસે ખાલી કોરૂં પેપરજ શીક્ષકને આપ્યું.

બૈરી—"ઉઠો, ઉઠો નસરવાનજી ! ઘેરને આગ લાગીછ !"

ધણી:—"ઈશ્વરનો આભાર માન ગાંડી ! કે હવે ઠંડી લાગશેજ નહિં ને જે ગરમી આપુને જોઇતી'તી તે બી પડી !"

ભેજાં ફાટેલનો એક નમુનો !

એક બૈરી—(પોતાની સહીને): "એ તમારા ધણી સાંજ સહવાર ઘરમાં રહીને શું કરેચ ?"

સહી—"ઘેરમાં રહીને શું ધંધો કરવો,–પૈસો કેમ મેલવવો તેનો વિચાર કરેચ ?"

એક બૈરી—"અને જયારે તેવણુ એ વિચારમાં રોકાયચ ત્યારે તમે શું કરોચ ?"

સહી—"હુ ! હું વળી તેને કેમ ઠેકાણે પાડી દેવા તેના વીચારમાં રહુંચ !"

ધણી—"ડીયર, આખરે પેલી વાત કોઇને મો'ડે તેં કહી ખરી"

ધણીઆણી—"બિલ્કુલ નહિં, વહાલા; ફક્ત પાસેના છગનલાલના ધણીઆણી, તેવણની નણંદ અને સાસુ; તે સીવાય મેં એક પણ માણસને મોહડે એ વાત કહી નથી, અને વળી એટલું સુદ્ધાં મેં કહ્યુંચ કે એ વાત ઘણી છુપી છે માટે કોઇની આગલ કે'વાની પણ મેં મના કીધી છે."

બૈરી—(દરીયામાં એક સ્ટીમરપર પોતાના ભરથારને) "હવે મારો જીવ એટલો તો ગભરાયચ વહાલા, અને કદાચ જો હું મરી જાઉં અને તેઓ જાં મને દાટે તો તમે કોઈ કોઈ વાર મારી કબર આગલ આવશો ખરા કે!"

એક જુવાન છોકરાએ એક પેપરમાં જાહેર ખબર વાંચી કે "કલમ-સાહી વગર લખવાની રીત રૂા. ૨)" અને તરતજ તેને માટે તેને રૂા. ૨) મોકલ્યા અને બીજે દીવસે નીચે મુજબ એક કાર્ડપર જવાબ મલ્યો કે,—"પેનસીલે લખવું."

'બચારો આખરે પેલો ઘરડો—મરી ગયો હો!' એક સખસ બોલ્યો.

'હા, મને ખરેખર ઘણું નુકસાન થયું.' બીજાએ અફસોસ કીધો.

'હું નહીં જાણતો'તો કે તમે તેવનના મીત્ર હતા?'

'નહી, હું તો તેવનનો દાક્તર હતો.'

બાપ—"પાણીમાં જે ઝીણાં ઝીણાં પ્રાણીઓ છે તે તેં તારી દુરબીનથી જોયાં કે?"

દીકરો—"હા, બાવા મેં તેમને જોયાં. આપણે જે પાણી, પીજીએચ તેમાંજ છે."

બાપ—"ખરૂં કહેચ દીકરા?"

દીકરો—"હા, અને જયારે ચાહદાનીમાં પાણી ઉકલવા માંડે છે અને ત્યારે જે અંદરથી બધા રાગ નીકલે છે તે એજ હશે કેમ? હવે મને સેહમજ પડી!!!"

ભીખારી—"સાહેબ, હું ભુખે મરૂંચ, અને કાંઈ પણ ખાવાને મલતું નથી, માટે કાંઇ દયા કરો."

શેઠ—"વારૂ લે આએ પૈસો, અને મને કેહ કે તું આવો કંગાલ ભીખારી કેમ થઇ ગયો?"

ભીખારી—(અફ્શોસથી)—"અરે સાહેબ, હું તમારો ઉપકાર માનુંછ. ને તમુને કેહું જે આય તમારીજ માફક હું પણ સો ગરીબોને મોટી મોટી રકમો આપી એમ ભીખ માંગતો થઈ ગયો."

જડજ—તમે શું ધંધો કરો છો?

બંધવો—હું બાંધનાર—મીસ્ત્રી છું.

જડજ—તમે શું બંધો છો?

બંધવો—હવામાં કીલ્લા બાંધુંછું.

જડજ—(બંધવાને ગુનેહગાર ઠેડવી): કેમ રે, હવે કાંઇ તારે કેહેવું છે?

બંધવો—હા, શાહેબ; હું કેહવા માંગુચ કે હું મારા દાકતરની સલાહનો ભોગ થઈ પડયોછું. તેને કહ્યું કે 'મને હવા ફેરફારની જરૂર છે' અને મેં તેમ કીધું.

ખાવંદ—અને ડીયર, શું તુ મને આખો દીવસ યાદ કરેચ!

ધણીઆણી—હા, વ્હાલા, પણ હવે દીવસ લાંબા થતા જાય છે એટલે અલબત સેહેજ ફેર તો ખરો.

બે મીત્રો એક અંધારી રાત્રે ઘર પાછા ફરતા હતા, તેટલાં તેઓને રસ્તામાં કોઈ લુચ્ચાઓએ હેરાન કીધા. અરસ પરસ ખુબ્તરેથી લડયા પછી તેઓને કોઈએ છુટા કીધા.

પોતાના સાહસ કર્મોની નોંધ સરખાવતા એકે બીજાને કહ્યું. "મેં તેમાંના એક ન્હાના ચીવટ છોકરાને એવી તો મેથી જીલાવીછ કે લગભગ તેનું ગલ્લુંબી દાબી દીધુ અને એક ગટરમાંજ તેને ફેંકી દીધો, અને તેના ડગલાનું આ બટન મારે હાથ આવ્યુંચ."

"જોઊ, મને જોવા દે!" પોતાનાંજ ડગલાનાં ગલાં આગલનું બટન ખોવાયલું જોઇ અને પોતેજ મેથીપાક તથા ગટરમાપી આવેલા હોવાથી મુગે મો'ડે બીજાએ કહ્યું, "અરે, એ તો મારૂંજછે."

બચ્ચાંને સુવાડતી વેળાએ "આયા" નીચે પ્રમાણે હાલરડું ગાઇને સુવાડતી હતી, તે બાઈનાં સાંભળવામાં આવ્યું :—

"આરે ખુદા ! દેખો યે તુમારા ઝુલા કે નીચે કેસા . બડા બાઘ છુપા હયે! બાપરે વોહ અપને તરફ દેખતા હયે, ઓર બોલતા હયે કે, બાબા જો જલદીસે સો નહીં જાયગા તો, બાબાકુ આકર ખા જાઊંગા !! આરે બાપરે ! મયબી સો જાતી હું, ઓર બાબા તુબી અંખી બંધ કરકે ગુપચુપ સો જા, રડો મત. દેખ ઈધર આતા હયે તેરેસે પકડકર ખા જાયગા !"

બચ્ચું બીચારૂં બીહને અલબત ગુપ-ચુપ સુઇ ગયું; અને બાઇએ પણ આયાનું ઉપલું ભાષણ સાંભળી ખુશી (ગુસ્સે) થઈ મનમાં આયાને (ક) દુવા કઇને પોતાના ઓરડામાં ગઇ.

વખત રાતના બાર વાગ્યાનો છે.

બાઇઃ- (આયાના ઓરડાના બારણાં ખુબ ઠોકીને અકળાયલી ગભરાયલી હાલતમાં) "આયા-આયા-આયા, દરવાજા જલદી ખોલ? ચોર! ચોર! ચોર! ઘરમેં ચોર આયે હયે. ઓર ભાગકર તેરી ખોલી-મેં છુપકર બેઠે હયે."

આયા, જાતે બીકણ બલા હતી તેથી ચોરનું નામ સાંભળતાંજ બીહને એક ચીસ પાડી ઉઠી, છાતી દબાઇ ગઈ અ-અ-અ કરી બેશુધ થઈ પાછી બીછાને પડી. સુધ્ધીમાં આવતાંજ પાછી ચોંકીને વેહેલી વેહેલી બારણું ઊઘાડી બાહાર નીકલી ??ડી ને બાઇના ઓરડામાં ભંરાઈ!

બાઇ—રાં--કસકુનમ બીહને છોડાં જેવી શાની થઈ પડી? ચોરનું નામ સાંભળીને એટલી બધી બીધી કાં ?

આયા—બાપરે! ચોર હમકુ મારડાલતા તો વાહો તુમાર, ક્યા જાતાં! મયે જાનસે મરતી!!

બાબુ—જાવ તુને આજ બચ્ચેકુ સુલાતી વખ્ત ઉતના ખ્યાલ નહીં કીયા ? કે બેચ્ચા બીચારા ડરકે મરજાતા તબ તેરા કયા જાતા, વોહ બચારા જાનસે જાતા!

શેઠ(ચાકરને નોકરી રાખવા પેહેલા) “ત્યાં કામ કરવા જેટલા તમે જોરાવર છો એમ હું નથી ધારતો!”

ચાકર—“અરે સાહેબ, હું પુરતો તંદરસ્ત અને જોરાવર છું. ગમે મારા છેલ્લા શેઠને પુછી ખાત્રી કરજો. ફકત એકજ ઠોકરમાં તો મેં તેવનને ત્યાંની ત્રણ બરણીના ચુરેચુરા કરયા હતા!”

અને તેવા સરસ સર્ટીફીકેટની શેઠે કાંઈ જરૂર જોઈ નહીં.

એક ઘરડા ડોસાને એક ડોબ્બડ ડાહયો છોકરો હશે, તેના બેવકુફાઇ ભર્યા બોલવાથી તે ડોસાએ તેને સીખામણ દીધી અને છેલ્લે એવું કહ્યું કે “દરેક વાત કેહવા અગાઉ તેપર ત્રણ વાર વીચાર કરીનેજ બોલવું”

આ શીખામણ કહ્યાને બે ચાર દીવસ ગયા કેડે તે છોકરાએ પોતાના ઘરનો ત્રાજો મજલો અકસ્માત સલગતો જોયો.

પોતાના બાપની સીખામણ પ્રમાણે તે પાંચ મીનીટ વિચાર કરયા પછી બોલ્યો કે “આ એક વાર વીચાર થયો.”

વળી થોડો વખત બ્હીક અને ધાસ્તીથી જોઇ બોલયે “આ બીજી વારનો વિચાર થયો.”

અને છેલ્લે જોયું કે હવે ત્યાં ઉભા રેહેવું સલામત નથી, એટલે તે હુકે ઉતરી ડોસાને કેહવા લાગ્યો કે ‘ત્રણવાર વિચાર કર્યો છે, અને આપણો મજલો સલગી ગયો છે.”

સારી સીખામણનો ખરો ઉપયોગ તે એ!